
# આઈપીએલ હરાજીમાં ઓસ્ટ્રેલિયન ખેલાડી છવાયા

## ગ્લેન મેક્સવેલની સૌથી ઉંચી બોલી : ૫.૩૧ કરોડમાં ખરીદાયો



ચેન્નાઈ, તા.૩

ભારે ચર્ચા જગાવનાર હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયલ લીગ -૬ માટે આજે ખેલાડીઓની હરાજી કરવામાં આવી હતી.જેમાં ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. ઓસ્ટ્રેલિયાના ઉભરતા ઓલ રાઉન્ડર ગ્લેન મેક્સવેલની સૌથી ઉંચી બોલી લાગી હતી. તે સૌથી મોંઘો ખેલાડી બનીને ઉભર્યો હતો. જો કે ઓસ્ટ્રેલિયાના હાલના કેપ્ટન માઈકલ ક્લાર્ક અને થોડાક સમય પહેલા નિવૃત થઈ ચુકેલા રીકી પોન્ટિંગની પણ ઉંચી બોલી લાગી હતી. આઈપીએલ-૬ની હરાજીમાં કુલ ૩૭ખેલાડીઓની ખરીદારી થઈ હતી. ખરીદારીમાં કુલ ૬૩.૨૪ કરોડ રૂપિયા ખર્ચ થયા હતા. આજે સવારે ચેન્નાઈમાં હરાજીની પ્રક્રિયા શરૂ થઈ હતી. જેમાં ખેલાડીઓની બોલી લગાવવામાં આવી હતી. કેટલીક ફ્રેન્ચાઈસીસની વ્યુહરચના શાનદાર નજરે પડી હતી. રિકી પોન્ટિગને મુંબઈ ઈન્ડિયને ૨.૧૨ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. તેની બેઝ પ્રાઈઝ પણ ૨.૧૨ કરોડ રૂપિયા જ રાખવામાં આવી હતી. માઈકલ ક્લાર્ક પણ ૨.૧૨કરોડની બોલી લાગી હતી. ક્લાર્કને ૨.૧૨ કરોડ રૂપિયામાં પુણે વોરિયર્સ દ્વારા ખરીદી લેવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓની ઉંચી બોલી લાગી હતી. જો કે આફ્રિકાના ઓલરાઉન્ડર જહોન બોથાની ક્લાર્ક અને પોન્ટિંગ કરતા ઉંચી બોલી લાગી હતી. બોથાને અંતે ૨.૩૯ કરોડ રૂપિયામાં દિલ્હી ડેરડેવિલ્સે ખરીદી લીદો હતો. આરપી સિંહ પણ ૨.૧૨ કરોડ રૂપિયામાં રોયલ ચેલેન્જર્સની ટીમમાં પહોંચ્યો હતો. ઓસ્ટ્રેલિયાના ફિલીપ હ્યુજ પર ૫૩ લાખની બોલી લાગી હતી. જેમ્સ ફોલ્કર માટે પણ ૨.૧૨ કરોડ રૂપિયાની બોલી લાગ્યા બાદ રાજસ્થાન રોયલ્સ દ્વારા તેની ખરીદી કરવામાં આવી હતી. જો કે ગ્લેન મેક્સવેલની સૌથી ઉંચી બોલી લાગી હતી. ગ્લેન મેક્સવેલને ૫.૩૧ કરોડ રૂપિયામાં મુંબઈ ઈન્ડિયન્સે ખરીદી લીધો હતો. અભિષેક નાયર અને થીસેરા પરેરાની પણ ઉંચી બોલી બોલાઈ હતી. વેસ્ટઈન્ડીઝના ડેરેન સેમી ૨.૨૬ કરોડ રૂપિયામાં વેચાયો હતો. તેની બેઈઝ પ્રાઈઝ ૫૩ લાખ રૂપિયા હતી જેની સરખામણીમાં તે ઉંચી કિંમતે વેચાયો હતો. પંકજ સિંહ ઉપર ૮૦ લાખની બોલી લાગી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલોરે તેને ખરીદી લીધો હતો. તેની બેઈઝ પ્રાઈઝ ૨૭ લાખ હતી. રવિ રામપોલ ૧.૫૪ કરોડ રૂપિયામાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમમાં ગયો હતો. તેની બેઈઝ પ્રાઈઝ ૨૭ લાખ રૂપિયા રાખવામાં આવી હતી. મનપ્રિત ગોની, સુદીપ ત્યાગીની પણ ઉંચી બોલી બોલાઈ હતી. કિંગ્સ ઈલેવન પંજાબે મનપ્રિત ગોનીને ૨.૬૬ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. સુદીપ ત્યાગી ૫૩ લાખ રૂપિયામાં ગયો હતો. આઈપીએલ-૬ માટે બપોરે લંચ બ્રેકનો સમય ૧વાગ્યે રાખવામાં આવ્યો હતો. આઈપીએલ-૬ની હરાજી દરમિયાન પ્રિતી ઝિંટા અને શિલ્પા શેટ્ટી મસ્તીના મુડમાં દેખાયા હતા. શ્રીલંકન સ્પિનર અજન્તા મેન્ડીસને પુણે વોરિયર્સે ૩.૮૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. કેટલાક ખિલાડિઓની બોલી બોલાઈ ન હતી. ૩.૫૮ કરોડ રૂપિયામાં વેચાયેલા અભિષેક નાયર હવે પુણે માટે બેટિંગ કરશે. અભિષેકની ઓળખ એક શાનદાર બેટ્સમેન તરીકે થાય છે. તે વિન્ડીઝ ટીમ માટે પણ રમી ચુક્યો છે. આઈપીએલની હરાજીમાં ૩૦ મિનીટ બાદ ફરી હરાજી શરૂ થઈ હતી. મેક્સવેલની સૌથી ઉંચી બોલી બોલાઈ હતી. કોઈ સમય વર્લ્ડ ક્રિકેટમાં સ્ટાર રહી ચુકેલા આફ્રિકી ખિલાડી ગિબ્સને આઈપીએલની હરાજીમાં બેઈઝ કિમતે પણ કોઈએ ખરીદ્યો ન હતો. તેની બેઈઝ પ્રાઈઝ ૨ લાખ ડોલર હતી. ડેરેન બ્રાવો અને માર્ટીન ગુપ્ટીલને પણ ખરીદાર મળ્યો ન હતો. સવારે ૧૧ વાગ્યે આઈપીએલ માટે હરાજી શરૂ થઈ હતી.

### ભારતીય ખેલાડી કેટલી કિંમતમાં ખરીદાયા.....

આઈપીએલ-૬માટે આજે ખેલાડીઓની હરાજી કરવામાં આવી હતી. જેમાં ભારતીય ખેલાડીઓ પણ ઉંચી કિંમતે ખરીદાયા હતા. ભારતીય ખેલાડીઓને કેટલી કિંમતે કોણે ખરીદ્યા તેની યાદી નીચે મુજબ છે.

- આરપી સિંહને રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૨.૧૨ કરોડ રૂપિયામાં માં ખરીદી લીધો
- અભિષેક નાયરને પુણે વોરિયર્સે ૩.૫૯ કરોડ રૂપિયામાં ખરીદી લીધો
- જયદેવ ઉનડકટને રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૨.૮૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો
- બોલર પંકજસિંહને રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૮૦ લાખ રૂપિયામાં ખરીદ્યો
- મનપ્રિત ગોનીને પંજાબે ૨.૬૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો
- સુદીપ ત્યાગીને સનરાઈજર્સે ૫૩ લાખ રૂપિયામાં ખરીદ્યો

### મેક્સેવલ પર ઉંચી કિંમત બિલકુલ વાજબી : કુંબલે

ચેન્નાઈ,તા. ૩

મુંબઈ ઈન્ડીયન્સે આજે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલને ૧૦ લાખ ડોલર અથવા તો ૫.૩૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. આ અંગે ખુશી વ્યક્ત કરતાં મુંબઈ ઈન્ડીયન્સના માલિક નીતા અંબાણીએ કહ્યું હતું કે, મેક્સવેલ ઉભરતો ખેલાડી છે. તે બેટીંગમાં પણ મજબુત છે. સાથે-સાથે બોલીંગ પણ કરી શકે છે



ફિલ્ડીંગમાં પણ કુશળ છે. અમે હરાજી પ્રક્રિયામાં ભાગ લેવા માટે પહોંચ્યા તે પહેલાં જ કેટલાક ખેલાડીઓને ધ્યાનમાં લઈ ચુક્યા હતા. મુંબઈના મામલે અનિલ કુંબલેએ પણ ખુશી વ્યક્ત કરી હતી. મુંબઈના મેન્ટર કુંબલેએ કહ્યું હતું કે, મેક્સવેલ પર ઉંચી બોલી બિલકુલ વ્યાજબી છે. ટીમ તરફથી સારી ખરીદી કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયન ટીમમાં પ્રવેશ કરતાં પહેલાં જ તેઓ મેક્સવેલને ઓળખે છે. મેક્સવેલ ઓસ્ટ્રેલિયન ટીમની સાથે ટેસ્ટ શ્રેણી રમવા માટે ભારત આવનાર છે. મુંબઈ ઈન્ડીયન્સે રિકી પોન્ટીંગને બેઈઝ પ્રાઈઝ ઉપર જ ખરીદી લીધો હતો. અંબાણી અને કુંબલેએ કહ્યું હતું કે, આ બાબત ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન માટે ખુબ જ યોગ્ય સાબિત થશે. અંબાણીએ કહ્યું હતું કે, અમારી પાસે હવે રિકી પોન્ટિંગ અને સચિન જેવા બે મહાન ખેલાડી છે. આ બન્ને ખેલાડી ટીમના યુવા ખેલાડીઓ માટે પ્રોત્સાહન જનક બનશે. પોન્ટિંગની હાજરી ખૂબ ઉપયોગી સાબિત થશે.

આનાથી રાયડુ અને રોહિત શર્માને ફાયદો થશે. સૌથી આશ્ચર્યજનક બાબત ઓસ્ટ્રેલિયાના ૨૧ વર્ષીય ઝડપી બોલર રિચર્ડસનને લઈને જોવા મળી હતી. ન્યુઝીલેન્ડના અનુભવી ખેલાડી સ્કોટ સ્ટાઈરીસ અને હર્સલ ગિબ્સને ધ્યાનમાં લેવાયા ન હતા.

## રેલ ભાડામાં વધારાનો સંકેત આપતાં રેલમંત્રી

### ભાડા વધારાનું કારણ : રેલવે વિભાગનું આધુનિકીકરણ અને ડીઝલી કિંમતમાં વૃદ્ધિ

નવીદિલ્હી,તા.૩

રેલવે યાત્રી ભાડામાં વધારો થયે હજુ બે અઠવાડિયા પણ વીત્યા નથી ત્યાં તો કેન્દ્રીય રેલવે મંત્રી પવન બંસલે ફરીથી રેલવે ભાડું વધારવાનો સંકેત આપ્યો છે. ૨૬ ફેબ્રુઆરીનાં રોજ રજૂ થનાર રેલવે બજેટમાં ભાડા વધારો થવાની જાહેરાત થઈ શકે છે. પવનકુમાર બંસલ જ્યારે શનિવારનાં રોજ દિલ્હીથી ચંદીગઢ સ્થિતિ પોતાનાં નિવાસસ્થાને પહોંચ્યા ત્યારે તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં ફરી ભાડા વધારવાનો સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ જે પણ ભાડા વધારવામાં આવ્યા હતાં તે રેલવેની ઓપરેશનલ જરૂરિયાતો માટેનાં હતાં. હવે રેલવે સંસાધનોને આધુનિક બનાવવા માટે નાણા ભંડોળ એકઠું કરવા રેલવે ભાડામાં વધારો થઈ શકે છે. રેલવે સામે યાત્રી ભાડા વધારા માટે અનેક કારણો છે, પ્રથમ તો ડીઝલની કિંમતો અંકુશમુક્ત થવાથી જથ્થાબંધ ગ્રાહકોની ડીઝલની કિંમતોમાં કરાયેલ વધારો પણ જવાબદાર છે. હવે મંત્રીનું કહેવું એવું છે કે રેલવે મંત્રાલય પાસે આધુનિકીકરણ કરવા માટે અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી. રેલવે તંત્રને મજબુરીમાં આવો કઠોર નિર્ણય લેવો પડે છે. ઓક્ટોબર ૨૦૧૨માં રેલ મંત્રી બનનાર ચંદીગઢનાં સાંસદ પવનકુમાર બંસલે પોતાનાં માત્ર ત્રણ મહિનાનાં કાર્યકાળમાં બીજીવાર રેલવે ભાડું વધારવાની તૈયારીઓ કરી છે. અગાઉ ૨૨ જાન્યુઆરીનાં રોજ ભાડામાં બે થી લઈ દસ પૈસા સુધી પ્રતિ કિલોમીટરનો વધારો કરવામાં આવ્યો હતો.

## મહીલા સુરક્ષા વટહુકમને રાષ્ટ્રપતિની મળેલી મંજુરી

### વટહુકમમાં બળાત્કારના મામલાઓમાં અપરાધીને અતિ કઠોર સજાની જોગવાઈ : બળાત્કારની પરિભાષા બદલાઈ

નવી દિલ્હી, તા.૩

મહીલાઓની સામે અપરાધ ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને ફોજદારી કાયદામાં સુધારા કરવા માટે લાવવામાં આવેલા વટહુકમને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ લીલીઝંડી આપી દીધી હતી. આ વટહુકમને શુક્રવારના દિવસે કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી હતી. આ વટહુકમમાં બળાત્કારના મામલાઓમાં દોષિતોને સમગ્ર જીવન સુધી કેદની સજાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે બળાત્કારની પરિભાષાને પણ વધુ વિસ્તૃત બનાવી દેવામાં આવી છે.

સંસદના બજેટ સત્ર આડે માત્ર ૨૦ દિવસ પહેલાં કેન્દ્રીય પ્રધાન મંડળની ખાસ બેઠક શુક્રવારના દિવસે યોજવામાં આવી હતી. જેમાં આ વટહુકમને અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ડિસેમ્બર મહીનામાં ૨૩ વર્ષીય વિદ્યાર્થીની પર ગેંગરેપ અને અમાનવીય રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આ વટહુકમ હેઠળ ઈન્ડીયન પેનલ કોર્ટ, અપરાધ પ્રક્રીયાના કાયદા અને અન્ય કાયદાઓમાં સુધારા કરવામાં આવશે. સરકાર હવે વટહુકમને અમલી બનાવવા માટે રાષ્ટ્રપતિને અપીલ કરશે. આ વટહુકમ મહીલાઓને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવ્યો છે.

સુત્રોના કહેવા મુજબ આ સુધારા બળાત્કાર કાંડ બાદ સરકાર દ્વારા રચવામાં આવેલી વર્મા કમિટી દ્વારા સુચવવામાં આવેલી ભલામણોને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યા છે. સુધારામાં બળાત્કારની પરિભાષા બદલીને જાતીય હમલા, બળાત્કારની સજા સાત વર્ષથી વધારીને દોષિત વ્યક્તિના કુદરતી જીવન સુધી રાખવામાં આવી છે. બળાત્કાર માટે ૨૦ વર્ષની સજાની જોગવાઈ છે. જ્યારે ગંભીર ઈજાની સાથે સામુહિક બળાત્કારના મામલામાં અપરાધિઓને કુદરતી જીવન સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી છે. અન્ય સુધારામાં તેજાબથી કરવામાં આવતા હુમલાને એક જુદા અપરાધ તરીકે ગણવામાં આવ્યો છે. જેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા અને આજીવન કેદની વાત કરવામાં આવી છે. શારીરીક છેડછાડમાં બળપ્રયોગ માટેની સજા ૨ વર્ષથી વધારીને પાંચ વર્ષ કરવામાં આવી છે. જ્યારે અશ્લિલ ચેડા માટે સજા એક વર્ષથી વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી છે.

## સંત સંમેલનમાં ભાગ લેવા રાજનાથ અંતે તૈયાર થયા

### સંમેલનમાં ૨૦ હજારથીય વધુને આમંત્રણ : ગુજરાતના મુખ્યમંત્રી મોદીને પણ આમંત્રણ : ભાગવત પણ પહોંચશે

કુંભનગર, તા.૩

હિંદુત્વના પ્રતિક અને દુનિયાના સૌથી મોટા ધાર્મિક ઉત્સવ મહાકુંભમાં ભાજપ પ્રમુખ રાજનાથસિંહ ૭ ફેબ્રુઆરીના દિવસે આયોજિત વિશ્વ હિંદુ પરિષદના સંત સંમેલનમાં ભાગ લેશે. વડાપ્રધાનના પદને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નામ ઉપર સંતોના અભિપ્રાય મેળવવાના પ્રયાસો પણ કરવામાં આવશે. પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ સંત સંમેલનમાં રાજનાથસિંહ ભાગ લેશે અને આ અગાઉ તેઓ ટોચના સંતોને મળીને તેમના આશીર્વાદ મેળવશે. રાજનાથસિંહ મોદીને લઈને પણ સંતો સાથે વાતચીત કરશે. વિહીપના સુત્રોએ કહ્યું છે કે, રાજનાથસિંહ સંત સંમેલનમાં ભાગ લેવા માટે આમંત્રણ સ્વીકાર કરી ચુક્યા છે. આમાં સંઘના પ્રમુખ મોહન ભાગવત પણ ભાગ લેનાર છે. વિહીપના સુત્રોની વાત માનવામાં આવે તો અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે શિલાન્યાસ અને કાર સેવા જેવા મહત્વના નિર્ણયોના મુદ્દે પણ નિર્ણય લેવામાં આવી શકે છે. વિહીપના આ આયોજનમાં મોહન ભાગવત પણ પહોંચી રહ્યા છે. બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. પરંતુ આ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. અલ્હાબાદમાં ચાલી રહેલા મહાકુંભને અયોધ્યાની દષ્ટિએ મહત્વપુર્ણ ગણવામાં આવે છે. ૭ ફેબ્રુઆરીના દિવસે મહાકુંભ ક્ષેત્રમાં આયોજિત સંત સંમેલનમાં ૨૦ હજાર લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં ભાગવત અને મોદી પણ સામેલ છે.

## બાળકો માટે ઘી ખૂબ યોગ્ય છે : ૮૦ ટકા માતાનો મત

નવી દિલ્હી, તા. ૩

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક સર્વેમાં જાણવા મળ્યું છે કે ૮૦ ટકા ભારતીય માતાઓનું કહેવું છે કે બાળકો માટે ઘી ખૂબ જ આદર્શ છે. પરંતુ કેટલાક નિષ્ણાંત લોકો આની સાથે સહમત દેખાઈ રહ્યા નથી. બાળકોને આવરી લઈને કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે ૧૯.૨ ટકા છોકરાઓ અને ૧૮.૧ ટકા છોકરીઓ વધારે પડતું વજન અથવા તો સ્થૂળ છે. જ્યારે ૬૪.૮ ટકા માતાઓ પણ આવી સ્થિતિમાં છે. આ તારણો સરકારી અને ખાનગી સ્કૂલોમાં ૯થી ૧૮ વર્ષની વય ગ્રૂપના ૧૮૦૦ બાળકોને આવરી લઈને કરવામાં આવેલા ત્રણ વર્ષના તારણ ઉપર આધારિત છે. અભ્યાસના તારણો હાલમાં જ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. સર્વેના ભાગરૂપે ઘણા શહેરોને આવરી લેવામાં આવ્યા હતા જેમાં દિલ્હી, આગ્રા, બેંગ્લોર અને પૂણેનો પણ સમાવેશ થાય છે. આમા જાણવા મળ્યું કે ડાઈટ અંગે જાગૃતિની સપાટી માતાઓમાં ખૂબ ઓછી છે પરંતુ કસરતની અછત અને અન્ય શારીરિક પ્રવૃત્તિ પણ ઓછી છે જેથી બાળકો ઉપર માઠી અસર થઈ રહી છે. ઘણા લોકોનું કહેવું છે કે બાળકોમાં સ્થૂળતા બેબી ફેટ છે જે લાંબાગાળા બાદ રહેતી નથી. જ્યારે કેટલીક માતાઓનું કહેવું છે કે જો આરોગ્યની દષ્ટિએ સારી રીતે બનાવવામાં આવે તો કોઈપણ ચીજવસ્તુ ખૂબ સારી છે અને બાળકોને નુકસાન કરતી નથી. આનાથી પણ વધારે ચિંતાજનક બાબત એ છે કે ૮૯.૨ ટકા, ૭૯.૨ ટકા અને ૫૫.૧ ટકા એમ માને છે કે રિફાઈ શાકભાજી તેલ, ઘી અને બટર આરોગ્ય માટે યોગ્ય છે. આશરે ૮૨.૫ ટકા લોકો ઘીનો દરરોજ ઉપયોગ કરે છે જ્યારે ૪૬.૫ ટકા લોકો દરરોજ બટરનો ઉપયોગ કરે છે. આ સ્થિતિમાં ૧૫ મિલિયન બાળકો વધારે વજન ધરાવે છે જે ચિંતાજનક પરિબળનો સ્પષ્ટ સંકેત આપે છે. માતાઓ મોટાભાગે બાળકોને સાચવતી વેળા મોટાભાગે ઘી વધારે ખવડાવે છે. ૯૨.૩ ટકા બાળકો અને ૮૩.૫ ટકા થોડીક મોટીવયના બાળકો દિવસમાં બેથી વધુ સ્નેક્સનો ઉપયોગ કરે છે. આવી જ રીતે ૬૩.૮ ટકા માતાઓ પણ સ્નેક્સનો ઉપયોગ કરે છે. બંને ગ્રૂપમાં ચોકલેટ ફેવરિટ સ્નેક્સ તરીકે છે.

ત્યારબાદ ચીપ્સ અને આઈસ્ક્રીમ પણ ફેવરિટ તરીકે છે. જે દર્શાવે છે કે નોલેજ, વલણ અને માતાઓની વૃતિની બાળકો પણ સીધી અસર થાય છે. ૭૧.૭ ટકા બાળકો કેન્ટીંગમાં ખાવાનું પસંદ કરે છે જ્યારે ૫૦.૬ ટકા બાળકો ઘરે બનાવવામાં આવેલા ભોજન તરફ ધ્યાન આપે છે. આનાથી પણ ખરાબ વાત એ છે કે ૨૪ ટકા માતાઓ પણ બહારનું ભોજન પસંદ કરે છે. ૧૫ દિવસમાં એક વખત બહારથી ભોજન કરે છે. હાઈપર ટેન્શન, હાઈ સુગર અને હાર્ટના રોગ અંગે મોટાભાગના બાળકો વાકેફ છે.

## વિદેશી મૂડીરોકાણકારોએ ભારતીય શેરબજારમાં ૨૨૦૦૦ કરોડ ઠાલવ્યા

મુંબઈ, તા. ૩

વિદેશી મૂડીરોકાણકારોએ જાન્યુઆરી મહિનામાં ભારતીય શેરબજારમાં ૨૨૦૦૦ કરોડ અથવા તો ૪ અબજ ડૉલર ઠાલવ્યા છે. સતત સાતમાં મહિનામાં વિદેશી મૂડીપ્રવાહમાં ઉલ્લેખનીય વધારો થયો છે. સેબી દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો દ્વારા ૭૭૮૫૯ કરોડની કિંમતના શેરની ખરીદી કરવામાં આવી હતી જ્યારે વિદેશી



રોકાણકારો દ્વારા ૫૫૮૦૦ કરોડની કિંમતના શેરનું વેચાણ કરવામાં આવ્યું છે જેથી નેટ પ્રવાહ ૨૨૦૫૯ કરોડનો રહ્યો છે. સેબીએ તેના નવા આંકડામાં જણાવ્યું છે કે ભારતીય ઈક્વિટી માર્કેટમાં એફઆઈઆઈ દ્વારા નેટ રોકાણમાં સાતમાં મહિનામાં વધારો થયો છે. જુલાઈ ૨૦૧૨ બાદથી વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાં ભારે વિશ્વાસ રાખવામાં આવ્યો છે. માર્કેટ સંબંધિત નિષ્ણાંતોનું કહેવું છે કે સરકારદ્વારા લેવામાં આવેલા શ્રેણીબદ્ધ પગલાંઓના પરિણામ સ્વરૂપે ભારતીય ઈક્વિટીમાં જંગી નાણાં ઠાલવવામાં આવ્યા છે. ૧લી એપ્રિલ ૨૦૧૬ સુધી અતિ વિવાદાસ્પદ ગારના અમલીકરણને મોકૂફ રાખવાનો નિર્ણય પણ સરકાર કરી ચૂકી છે. ઉપરાંત ડીઝલની કિંમતોને અંકુશ મુક્ત બનાવી દેવામાં આવી છે. એટલામાં ઓછું હોય તેમ વિદેશી રોકાણકારોને આકર્ષિત કરવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ તેની નાણાંકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. ઈક્વિટી ઉપરાંત એફઆઈઆઈ દ્વારા જાન્યુઆરી મહિનામાં ડેબ્ટ માર્કેટમાં ૨૯૪૭ કરોડનું રોકાણ કર્યું છે.

## ટ્રેનોમાં નવી ફાયર ફાઈટીંગ સુવિધાઓ ગોઠવવા તૈયારી

### રેલવે બજેટમાં કેટલીક નવી જાહેરાત થઈ શકે છે : તમામ ટ્રેનોમાં ઓટોમેટીક ફાયર અલાર્મ સિસ્ટમ ગોઠવવા સૂચન

નવી દિલ્હી,તા. ૩

ટ્રેનોમાં આગના બનાવોને રોકવાના હેતુસર રેલવેએ હવે કમરકસી લીધી છે. ટૂંક સમયમાં જ રેલવે ટ્રેનોની અંદર અતિ આધુનિક ફાયર ફાઈટીંગના સાધનો ગોઠવશે. મળેલી માહિતી મુજબ રેલવે અતિ આધુનિક આગ ઉપર કાબૂ મેળવી શકે તેવી વ્યવસ્થા સાથે પેન્ટ્રી અને પાવર કાર સાધનો ગોઠવશે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ આ અંગેની માહિતી આપતા જણાવ્યું છે કે રેલવે દ્વારા ટ્રેનોમાં કોચમાં ફર્નિસીંગ માટે વધારે ઉપયોગ કરવામાં આવે છે. રેલવે હવે આના માટે ફાયર રિટારડેન્ટ મટીરીયલનો ઉપયોગ કરશે. ટ્રેનોમાં આગ લાગવાના બનાવોમાં હાલમાં ઘટાડો થયો નથી જેથી રેલવે દ્વારા આવા આગના બનાવોને રોકવા માટે તૈયારીને અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો છે. યોજના મુજબ ૨૦૧૩-૧૪ના રેલવે બજેટમાં ઘણી એક્સપ્રેસ અને મેલ ટ્રેનોમાં પેન્ટ્રી અને પાવર કાર્સમાં સ્પ્રીકલર્સ ગોઠવવામાં આવશે.

એલએચબી એસી કોચ પર ફાયર એન્ડ સ્મોક ડિટેક્સન સિસ્ટમ માટે ટ્રાયલની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ગઈ છે. રેલવે હવે વિસ્તૃત કરવામાં આવેલી ફિલ્ડ ટ્રાયલ માટે આવી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે. પેન્ટ્રી કાર અને પાવર કાર સહિત ચોક્કસ કોચ પર આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ટ્રેનોમાં આગના બની રહેલા બનાવો અંગે ચિંતા વ્યક્ત કરતા રેલવે અંગેના સ્થાયી સમીતિએ ઘણા સૂચન કર્યા હતા અને રાજ્યની માલિકીની ઉદ્યોગ સાહસિકોને ટેકનોલોજીની મદદ સાથે નવી પદ્ધતિ શોધી કાઢવા સૂચન કર્યું હતું. સંસદીય પેનલે તમામ ટ્રેનોમાં તાત્કાલિક ધોરણે ઓટોમેટીક ફાયર અલાર્મ સિસ્ટમ ગોઠવવા નેશનલ ટ્રાન્સપોટરને સૂચના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ૩૦મી જુલાઈના દિવસે તામિલનાડુ એક્સપ્રેસના સ્લીપર કોચમાં આગ ફાટી નીકળી હતી જેમાં ૩૨ લોકોના મોત થયા હતા. આવી જ રીતે ઓક્ટોબર ૨૦૧૨માં ફલકનામા પેસેન્જરમાં આગ ફાટી નીકળતાં બે લોકોના મોત થયા હતા.

નવેસરની ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ભલામણ કરીને કમીટિએ ફાયર ફાઈટીંગની શ્રેષ્ઠ સુવિધા જે બીજા દેશોમાં ઉપલબ્ધ છે તેની પણ મદદ લેવા કહ્યું હતું.

## કોમનવેલ્થ ગેમ્સ કાંડ : આજે કલમાડી સામે આરોપ ઘડાશે

નવી દિલ્હી,તા. ૩

કોમનવેલ્થ ગેમ્સ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના એક મામલામાં આવતીકાલે કોમનવેલ્થ ગેમ્સ સમિતીના સસ્પેન્ડ કરવામાં આવેલા અધ્યક્ષ સુરેશ કલમાડી અને અન્યો સામે આરોપો ઘડવામાં આવે તેવી શક્યતા છે. આ તમામ લોકો પર છેતરપિંડી, કાવતરા અને સરકારી તિજોરીને ૯૦ કરોડથી વધારે નુકસાન કરવાનો આક્ષેપ છે. ખાસ સીબીઆઈ ન્યાયાધીશ રવિન્દ્ર કૌરે ૧૦મી જાન્યુઆરીના દિવસે આરોપો ઘડી કાઢવા માટે ચોથી ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી હતી. આ મામલામાં આયોજન સમિતીના મહાસચિવ લલિત ભાનોત પણ આરોપી છે. કોર્ટે ૨૧મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે ઈન્ડિયન પીનલ કોડની જુદી જુદી





કલમો અને ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેટળ કલમાડી અને અન્ય નવ આરોપી સામે આરોપો ઘડી કાઢવાનો આક્ષેપ કર્યો હતો. છેતરપિંડી અને કાવતરા ઉપરાંત અન્ય જે આરોપો મુકવામાં આવ્યા છે તેમાં ફોર્જરીનો પણ સમાવેશ થાય છે.

સીબીઆઈએ આરોપીઓ પર વર્ષ ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સ માટે ટાઈમિંગ સ્કોરિંગ અને રિઝલ્ટ સ્થાપિત કરવાના મામલે સ્વીસ ટાઈમ કંપનીને બિન જરૂરી વધારાની રકમ પર કોન્ટ્રાક્ટ આપવાનો આક્ષેપ કર્યો હતો. આ પ્રક્રિયાના કારણે સરકારી તિજોરીને ૯૦ કરોડ રૂપિયાનો ફટકો પડ્યો હતો. હવે કલમાડી ફસાઈ ગયા છે. આવતીકાલે તેમની સામે આરોપો ઘડાશે

## બિહારમાં બળાત્કારીને માત્ર ૯ દિવસમાં ફાંસીની સજા

પટણા,તા.૩

બિહારનાં કટિહાર જિલ્લાની એક અદાલતે ફક્ત નવ દિવસમાં જ એક માસૂમ બાળકી સાથે બળાત્કાર ગુજારનાર અને તેની હત્યા કરનાર નરાધમને શનિવારનાં રોજ ફાંસીની સજા સંભળાવી હતી. કટિહાર જિલ્લા એવમ્ સેશન જજ બી.એન.પાંડેએ સાડા ત્રણ વર્ષની બાળકી સાથે કરાયેલ બળાત્કાર બાદ હત્યા કરવાનાં ગુનામાં આરોપી સંજય ઋષિને દોષી જાહેર કરતાં ફાંસીની સજા સંભળાવી છે. ઉલ્લેખનીય બાબત આ મામલે એ રહી છે કે, અદાલતી કાર્યવાહી માત્ર નવ દિવસમાં જ પૂરી કરી દેવામાં આવી. પોલીસ સૂત્રોનાં જણાવ્યા મુજબ બિહારનાં ભેંસદીયારા ગામમાં આરોપીએ પોતાની પડોશમાં જ રહેતી બાળકી સાથે દુષ્કૃત્ય આચર્યું હતું. ઘટનાનાં બીજા જ દિવસે પોલીસે આરોપી સંજયની ધરપકડ કરી લીધી હતી અને માત્ર ૨૪ કલાકમાં જ કોર્ટમાં ચાર્જશીટ પણ દાખલ કરી હતી અને કોર્ટને અરજ કરી હતી કે, કેસમાં ત્વરિત કાર્યવાહી કરવામાં આવે. પોલીસ પ્રશાસનની વિનંતિને ધ્યાને લેતાં અદાલતે પણ ત્વરિત કાર્યવાહી કરતાં માત્ર નવ દિવસમાં જ નિર્ણય સંભળાવ્યો હતો. આમ, આ પગલું સમગ્ર દેશ માટે અને ન્યાય પાલિકાઓ માટે સરાહનીયરૂપ બની રહ્યું છે.